## પરિશિષ્ટ–૧

શિક્ષણનો અધિકાર

સર્વ શિક્ષા અભિયાન
સૌ ભણે, સૌ આગળ વધે

# સમગ્ર શિક્ષા અંતર્ગત ૧૧ માસના કરાર આધારિત સીઆરસી કો–ઓર્ડિનેટરની જગ્યાના કરાર બાબત.

સમગ્ર શિક્ષા અંતર્ગત ગુજરાત રાજયના અલગ અલગ જિલ્લાઓમાં કાર્યરત સીઆરસી કો.ઓર્ડિનેટરની ખાલી રહેલ જગ્યાઓ પૈકી ઓછામાં ઓછી ૨૦૭ જગ્યાઓ ટૂંકા સમયગાળાના ૧૧ માસના કરાર આધારિત (કોન્ટ્રાકટ બેઝ) ભરતી પ્રક્રિયા માટે ગુજરાત રાજયના નિયત શૈક્ષણિક, વ્યવસાયિક લાયકાત ધરાવતા તેમજ અનુભવ ધરાવનાર ઉમેદવારો પાસેથી ઓનલાઈન અરજી મંગાવવામાં આવે છે.

ઓનલાઈન અરજી કરવા માટે સ્નાતક તેમજ પીટીસી/બી.એડ ની લાયકાત ધરાવનાર અને TET-I or TET-II or H-TAT પાસ ઉમેદવાર અને અરજીની તારીખે સરકાર માન્ય પ્રાથમિક શાળાનો ઓછામાં ઓછો ૩(ત્રણ) વર્ષનો પૂર્ણ સમયનો શૈક્ષણિક અનુભવ ધરાવનાર ઉમેદવાર અથવા સર્વ શિક્ષા અભિયાનની કેજીબીવીનો ૩(ત્રણ) વર્ષનો પૂર્ણ સમયનો અનુભવ અથવા સર્વ શિક્ષા અભિયાન અંતર્ગત બીઆરપી તરીકે ૩(ત્રણ) વર્ષનો પૂર્ણ સમયનો અનુભવ ધરાવનાર ઉમેદવાર અરજી કરી શકશે.

આ જાહેરાતના સંદર્ભમાં માત્ર ઓન લાઈન(ON LINE)અરજીઓ જ સ્વીકારવામાં આવશે.

આ જગ્યા પરની કરાર આધારિત નિમણૂંક ૧૧ માસના કરાર આધારિત(કોન્ટ્રાકટ બેઝ) ટૂંકા સમયગાળા માટેની છે.

ઉમેદવારોએ ઓનલાઈન(ON LINE)અરજી, **http://www.ssagujarat.org** વેબસાઈટ પર જઈ **Recruitment** પર કલીક કરી, કરવાની રહેશે. ઓનલાઈન અરજી કરવા માટેની આવશ્યક લાયકાત, અરજી કરવાની રીત, ભરતીના નિયમો અને શરતોની સૂચના/માર્ગર્શિકા વેબસાઈટ પર મૂકેલ છે, જેને વાંચીને અરજી કરવાની રહેશે. ઉમેદવારે ઓન લાઈન કરેલ અરજીની પ્રિન્ટ કરી, પોતાની પાસે રાખવાની રહેશે. ઈન્ટરવ્યુ સમયે આ પ્રિન્ટ આઉટ, તેમજ નિયત લાયકાતના પ્રમાણપત્રોની પ્રમાણિત નકલ અને અસલ પ્રમાણપત્રો રજુ કરવાના રહેશે.

**ઓનલાઈન(ON LINE)અરજી કરવાનો સમયગાળો : ૦૩ માર્ચ, ૨૦૨૧ (બપોરે ૧૫.૫૯ કલાક થી શરૂ) થી**
**૧૩ માર્ચ, ૨૦૨૧ (રાત્રે ૨૩.૫૯ કલાક સુધી)**
**ઓનલાઈન મેરીટ પ્રસિધ્ધ કરવાની સંભવિત તારીખ : ૨૦ માર્ચ, ૨૦૨૧**

**સહી/–**
**સ્ટેટ પ્રોજેક્ટ ડાયરેક્ટર**
**સ્ટેટ પ્રોજેક્ટ ઓફિસ**
**સમગ્ર શિક્ષા, સેક્ટર–૧૭, ગાંધીનગર**